આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **13-03-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---------------------------------------------------

## P.M. સેમિકન્ડક્ટર એકમોના શિલાન્યાસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, ભારત આગામી સમયમાં સેમિકન્ડક્ટર ઉત્પાદનમાં વૈશ્વિક તાકાત બનવા માટે સજ્જ છે.

ધોલેરામાં દેશના સૌપ્રથમ વ્યાપારી સેમિકન્ડક્ટર ફેબ સહિત દેશમાં  સવા લાખ કરોડના ખર્ચે ત્રણ સ્થળોએ સેમિકન્ડક્ટર એકમોના વર્ચ્યુઅલ માધ્યમથી શિલાન્યાસ કર્યા બાદ તેમણે કહ્યું કે ચૌથી ઔદ્યોગિક ક્રાંતિમાં દેશ મહત્વપૂર્ણ આગેવાન રહેશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે કોવીડ મહામારી બાદ જ્યારે વિશ્વ વિશ્વસનીય અને ટકાઉ પુરવઠા સાંકળની શોધમાં છે ત્યારે ભારત ચીપ ઉત્પાદન જેવા ઉભરતા ક્ષેત્રોમાં મજબૂત આગેવાની લઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ભારતને આત્મનિર્ભરતાથી આધુનિકતા તરફ લઈ જવામાં ચીપ ઉત્પાદન ક્ષેત્ર મહત્વની ભૂમિકા ભજવશે.

આજના કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ ગુજરાતનાં સાણંદમાં અને આસામના મોરીગાવમાં આઉટ સોર્સ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ સુવિધાનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું. ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિક્સ દ્વારા 91 હજાર કરોડના ખર્ચે દેશનું પહેલું સેમિકન્ડક્ટર વ્યાપારી ફેબ એકમ સ્થપાશે. તેમાં દર મહિને 50 હજાર ચિપનું ઉત્પાદન કરવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

## જિ. રોજગાર કચેરી દ્વારા રોજગાર ઇચ્છુકો માટે કામગીરી

જિલ્લા રોજગાર કચેરીમાં રોજગાર ઇચ્છુક ઉમેદવારો નોંધણી કરાવતા હોય છે. વર્ષ 2023-24 દરમિયાન કચ્છ જિલ્લા રોજગાર અધિકારીની કચેરીમાં 15987 ઉમેદવારોની નામ નોંધણી થઇ છે. ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે જોબફેરનું કચેરી દ્વારા આયોજન કરાતું હોય છે. વર્ષ 2023-24 દરમિયાન 12000 જેટલા ઉમેદવારોને રોજગારી મળે તેવા પ્રયત્નો હાથ ધરાયા હતા. આ અંગે માહિતી આપતા જિલ્લા રોજગાર અધિકારી મહેશ પાલાએ આ પ્રમાણે જણાવ્યું હતું.

બાઇટ : મહેશ પાલા

પરેશ મારૂ

---

## મુન્દ્રા PGVCL કચેરીનું વિભાજન

મુંદરા અને આસપાસનાં ગામોની વીજ સમસ્યાના ઉકેલ માટે મુન્દ્રા સબ ડિવિઝનની રચના કરવામાં આવી છે. મુંદરા-બારોઈ શહેર અને આસપાસના ગામોને જોડતા મુંદરા-1 સબ ડિવિઝનના ગ્રામ્ય અને શહેર એમ બે વિભાજન કરવામાં આવ્યા છે. આ સાથે મુંદરા-ટુ નવું રૂરલ સબ ડિવિઝન અસ્તિત્વમાં આવ્યું છે. નવા બનેલા મુંદરા-બે રૂરલ સબ ડિવિઝનમાં વાંકી, પત્રી, મોખા, ગુંદાલા, વાઘુરા, ભદ્રેશ્વર, લુણી સહિતના ગ્રામ્ય વિસ્તારને આવરી લેવાયો છે. વધારાનું નવું સબ ડિવિઝન રચાતાં વીજ સંબંધી પ્રશ્નોનો ઉકેલ લાવવામાં સરળતા રહેશે.

પરેશ મારૂ

---

## ખાવડા ખાતે બોર્ડ પરીક્ષાનું કેન્દ્ર મળતા વિદ્યારથીઓ ખુશ

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ભુજ તાલુકાના ખાવડા ખાતે ધોરણ 12 નું પરીક્ષા કેન્દ્ર પ્રથમ વખત મંજુર કરવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં 130 જેટલા છાત્રોએ ધોરણ 12 ની પરીક્ષા માટે હાજરી નોંધાવી હતી. પહેલીવાર કેન્દ્ર મંજુર થતા વિદ્યાર્થીમાં ખૂશીની લાગણી ફેલાઇ છે. આ વિસ્તારના શિક્ષણથી વંચિત કન્યાઓ સહિત છાત્રોને આગળ અભ્યાસ કરવામાં સુંગમતા થશે. અત્રે જણાવીએ કે, અત્યાર સુધી અહીં કેન્દ્ર ન હોવાથી પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓને ભુજ સુધી લાંબો ધક્કો પડતો હતો.

પરેશ મારૂ

---------------------------------------------------------------

## ભારતીય જૈન સંગઠન-જળસંરક્ષણ, સંવર્ધન

ભારતીય જૈન સંગઠન દ્વારા ભારતના મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન જેવા રાજ્યોમાં જળ સંસાધનોના સંરક્ષણ અને સંવર્ધન હેઠળ તળાવો ઊંડાં કરવા તેમજ આ તળાવોમાં જમા થયેલા ફળદ્રુપ, ઊપજાઉ માટી દ્વારા ખેડૂતોને સારો ફાયદો થાય એ હેતુસર જલજીવન અભિયાન રથનો પ્રસાર-પ્રચાર કરવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાન હેઠળ જિલ્લા કલેક્ટર દ્વારા સંસ્થા સાથે આગામી ત્રણ વર્ષ માટે તળાવો ઊંડાં કરવા અને તેની જાળવણી કરવાની જિલ્લામાં જનજાગૃતિ બાબતે પ્રચાર-પ્રસારના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે.

પરેશ મારૂ

---------------------------------------------------------------

## અકસ્માત

અબડાસા તાલુકાના નલિયા-કાળા તળાવ માર્ગ પર ડમ્પર સાથે બાઇકના અકસ્માતની ઘટનામાં બે મહિલાઓના મૃત્યુ થયા છે, જ્યારે બાઇક ચાલકને ગંભીર ઇજા થતા વધુ સારવાર માટે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતની આ ઘટનામાં કાળા તળાવ ગામથી નલિયા તરફ જતા

રસ્તા પર બાઇક પર સવાર બે મહિલાઓના ડમ્પર હેઠળ કચડાઇ જવાથી સ્થળ પર જ મૃત્યું થયા હતા. અકસ્માતના આ બનાવથી ગામમાં શોકનો માહોલ છવાયો છે.

**ચંદ્રવદન પટ્ટણી**

---------------------------------------------------------------------

## આધારકાર્ડ અપડેટ કરવાની અવધિ વધારાઇ

આધાકાર્ડ વિનામૂલ્યે અપડેટ કરવાની સમયમર્યાદામાં વધારો કરાયો છે. જે મુજબ હવે 14 મી જૂન સુધી આધારકાર્ડ મફત અપડેટ કરાવી શકાશે. આ અગાઉ આ માટેની છેલ્લી તારીખ 14 મી માર્ચ હતી. આ મફત સેવા માત્ર માય આધાર પોર્ટલ પર જ ઉપલબ્ધ હશે.

**N.P. કલ્પના શાહ**

---------------------------------------------------------------------